## પાઠ ૬ : બે મુખ્ય ભારતીય ધાર્મિક પરંપરા

પ્રાચીન ભારતમાં બે મુખ્ય ધાર્મિક પરંપરા હતી. ૧) વૈદિક અથવા બ્રાહ્મણ પરંપરા અને ૨) શ્રમણ પરંપરા.

**૧) વૈદિક પરંપરા :** વૈદિક શાસ્ત્રો ચાર વેદોના રૂપમાં (મંત્ર સ્વરૂપે) સંરક્ષિત છે. ચાર વેદો સંસ્કૃતમાં લખાયેલા છે. ધાર્મિક ક્રિયાઓમાં બ્રાહ્મણ મહત્વના છે જે બધી ક્રિયાઓ કરાવે છે. સદીઓથી વૈદિક પરંપરામાં અનેક દેવ-દેવીઓની પૂજા થાય છે. દેવોની પ્રાર્થના, પ્રશંસા અને યજ્ઞ આ પરંપરાના મુખ્ય અંગો છે.

**૨) શ્રમણ પરંપરા :** શ્રમ કરે તે શ્રમણ-સાધુઓ જે જૈન અને બુધ્ધ પરંપરામાં છે. સાધુઓ આજીવન વિહાર જ કરે છે. પ્રસિધ્ધ શ્રમણોમાં મહાવીર અને ગૌતમ બુધ્ધ છે. પારંપારિક રીતે શ્રમણે આ દુનિયા છોડી છે (દુન્યવી વ્યવહાર) અને પોતાની આધ્યાત્મિક પ્રગતિ અને મુકિત માટે તપસ્વી જીવન વ્યતિત કરે છે. તપસ્વીઓ માને છે માનવોની જીંદગી તેમણે કરેલા કર્મો અને તેમાંથી મળતા ફળોથી છે એમાં કોઈ જૂથ, જાતિ, વર્ણ વગેરેના ભેદભાવ નથી.

હિંદુ ધર્મ એ વૈદિક પરંપરા અને જૈન ધર્મ તથા બુધ્ધ ધર્મ શ્રમણ પરંપરાનું અર્વાચીન સ્વરૂપ છે. આ બંને પરંપરા ભારતમાં જન્મી અને ભારતમાં જ વિકાસ પામી છે પરંતુ તેમના દ્રષ્ટિકોણમાં અનેક સામ્યતાઓ અને વિવિધતાઓ છે.

હવે આપણે વૈદિક અને શ્રમણ પરંપરાની સામ્યતા જોઈશું.

૧) બંને પરંપરા માને છે કે મન અને શરીરથી અલગ આત્માનું અસ્તિત્વ છે.

૨) બંને પરંપરા એમ માને છે કે મુક્તિ માટે કોઈ સર્વોત્તમ તાકાત (God કે Allah)અથવા શક્તિનું શરણું લેવાની જરૂર નથી.

૩) બંને પરંપરા કર્મના કારણો અને તેના ફળની અસરોમાં માને છે.(કર્મવાદ)

૪) બંને પરંપરા પૂર્નજન્મમાં માને છે.

૫) બંને પરંપરામાં અનેક ધાર્મિક ગ્રંથો છે.

૬) બંને પરંપરા મનુષ્યના મુક્તિ માટેના પુરુષાર્થને આવકારે છે. ઈશ્વરને પ્રત્યે સમર્પણ કે તેની આજ્ઞાના પાલન કરતા મુકિત માટે સ્વપુરુષાર્થને વધારે મહત્વ આપે છે.

૭) બંને પરંપરા કાળ ચક્રને માને છે - સારો યુગ અને ખરાબ યુગ અથવા તો વિનાશ અને વિકાસનું ચક્ર ચાલુ જ રહે છે.

બંને પરંપરાના મુખ્ય તફાવત

| વૈદિક | શ્રમણ |
|---|---|
| ૧) વેદોની સત્તામાં માને છે. | ૧) વેદોની સત્તામાં નથી માનતા. |
| ૨) અનેક ભગવાનમાં માને છે વરુણ, અગ્નિ, વિષ્ણુ, શિવ વગેરે | ૨) એવા કોઈ ભગવાનમાં નથી માનતા જેઓ વરદાન કે શ્રાપ આપે છે. |
| ૩) સર્જનહાર ઈશ્વરમાં માને છે | ૩) વિશ્વનું અસ્તિત્વ અનાદિ અનંત છે તેના કોઈ સર્જનહાર નથી |
| ૪) ભગવાનના નવા અવતારમાં માને છે | ૪) મુક્તિ પામેલા આત્માનો પુર્નજન્મ નથી. |
| ૫) ઉપનિષદમાં સર્વોપરી બ્રહ્મ વિશે લખેલું છે. બધા જીવો બ્રહ્મનો અંશ છે. | ૫) દરેક જીવ સ્વતંત્ર છે. |
| ૬) મુક્તિ પછી તેઓ પરમાત્મામાં ભળી જાય છે પણ પરમાત્મા બનતા નથી. | ૬) જે જીવો મુક્તિ પામી પરમાત્મા(સિધ્ધ) બને છે તે સહુ આત્મા સ્વતંત્ર હોય છે, પરમાત્માનો અંશ નથી. |
| ૭) તેઓ ત્રણ ઋણમાં માને છે. ઋણો ચુકવ્યા બાદ મુક્તિ મળે છે. | ૭) પોતાના પુરુષાર્થથી કર્મોનો ક્ષય કરી શુધ્ધતા મેળવાય છે અને મુક્તિ મળે છે. |
| ૮) યજ્ઞ વગેરે ક્રિયાઓ કરવી જરૂરી છે. | ૮) કઠોર તપ કરી મુક્તિ મેળવી શકાય છે. |
| ૯) લગ્ન જરૂરી છે. નર બાળક જરૂરી છે કારણકે છેલ્લી કારજ ક્રિયા તેના દ્વારા થશે. (મરણોત્તર ક્રિયા) | ૯) લગ્ન મરજીયાત છે. તમારું બીજુ જીવન કર્મોને અનુસાર હશે. |
| ૧૦) ગૃહસ્થ કેન્દ્રબિંદુમાં છે. | ૧૦)શ્રમણ- સાધુ કેન્દ્રબિંદુમાં છે. |
| ૧૧) વર્ણ જન્મથી જ મળે છે. | ૧૧) બધા સમાન છે. કોઈ ઊંચનીચ નથી. |

દરેક વ્યક્તિ માટે સંસાર અને પુર્નજન્મના ચક્ર દુ:ખદાયી છે. દરેક વ્યક્તિનું ધ્યેય આ જન્મ-મરણના ફેરાથી મુક્ત થવાનું છે. શ્રમણ પરંપરામાં ધાર્મિક ક્રિયાઓના મહત્વમાંથી મુક્તિ છે એના બદલે પોતાના સમ્યક્ આચરણને મહત્વ અપાયું છે. શ્રમણ રાગ અને દ્વેષથી પર હોવા જોઈએ. શ્રમણ પરંપરામાં પહેલાની જીંદગીના બાંધેલા કર્મો ખપાવવાના છે. જેમ મોટી ટાંકીમાં પાણી આવવાનું બંધ થાય ત્યારે તેનું પાણી વપરાશથી કાળક્રમે ઓછું થાય છે અને થોડું બાષ્પીભવન થાય છે એવી રીતે સાધુના કર્મ પણ ઓછા થતા જાય છે. જે પહેલાના જન્મથી જામેલા હતા તે તપથી ખરી જાય છે. ખરાબ કર્મોનો આશ્રવ ન હોય તો ફક્ત પોતાના પુરુષાર્થથી જ કે કોઈપણ ધર્મગુરુ કે ક્રિયાની મદદ વગર આધ્યાત્મિક પ્રગતિ કરી શકાય છે. અહીં આધ્યાત્મિક પુરુષાર્થમાં જાતિભેદ નથી, નર અને નારી બધા સરખા છે. શ્રમણ પરંપરાનો મુખ્ય સિધ્ધાંત છે કે, હું પોતે અને પોતેજ મારા નસીબનો ઘડનાર છું કોઈ દૈવી શક્તિ એને બદલાવી શકે નહીં, મારું ભવિષ્ય ફક્ત મારા કર્મોને જ આધિન છે.

હવે પછીના ચેપ્ટરમાં આપણે વૈદિક પરંપરાને સંક્ષિપ્ત રૂપે શીખીશું.

## પાઠ – ૭ વૈદિક પરંપરા પ્રમાણેનું જીવન (માનવ જીવનનો વૈદિક દ્રષ્ટિકોણ)

આગળના પાઠમાં આપણે વૈદિક અને શ્રમણ પરંપરાની સામ્યતા અને તફાવત વિશે ચર્ચા કરી છે. હવે આ પાઠમાં આપણે વૈદિક પરંપરાના મૂળભૂત સિધ્ધાંતો વિશે સમજીશું.

વૈદિક પરંપરા એટલે વેદોના શિક્ષણ અને નિયમો મુજબ જીવન જીવવું. ઋગવેદની ગણતરી સૌથી પ્રાચીન એટલે કે ૫૦૦૦ વર્ષ પહેલાના ગ્રંથમાં થાય છે. સૌથી વિશેષ વાત એ છે કે તે આધ્યાત્મિકતા, ફિલસુફી, જ્ઞાન, ધર્મ અને પૂજા વગેરે વિષયોને એક જ ગ્રંથમાં આવરી લે છે અને તે પણ પધ્ધતિસર મૂલ્યોને કેન્દ્રમાં રાખીને તથા નિયમો સાથે છે.

<u>૧) વૈદિક સાહિત્ય :</u> વૈદિક સાહિત્ય એટલે સંહિતા, બ્રાહ્મણક, અરણ્યક અને ઉપનિષદ વગેરેને શ્રુતિ કહેવાય.(શ્રુતિ એટલે મુખથી અપાતું જ્ઞાન). મૂળ વૈદિક સાહિત્ય સંહિતા છે જે ચાર વેદને સમાવે છે.

અ) ઋગવેદ : સ્તુતિ અને સ્તોત્રનું જ્ઞાન – પાઠ કરવા માટે

બ) સામવેદ : સંગીતની ધૂનોનુ જ્ઞાન – મંત્રોચ્ચાર માટે

ક) યર્જુવેદ : યજ્ઞ, હોમ, હવનનું જ્ઞાન – પૂજા વિધિ માટે

ડ) અર્થવવેદ : જાદુઈ મંત્ર-તંત્રોનું જ્ઞાન

<u>૨) ઋત :</u> **એટલે કુદરતના નિયમ અથવા તો વિશ્વની દિવ્ય વ્યવસ્થા.** ઋતના નિયમોમાં નીતિમત્તા અને આધ્યાત્મિકતાનો સમાવેશ છે. એ ઉત્કૃષ્ટ નૈતિકતા બતાવે છે જે સંસ્કાર ઋતની પવિત્રતા તેને ભગવાનથી ઊંચી બનાવે છે. બ્રહ્માંડની નીતિ એકબાજુ અને વ્યકિતગત નીતિએકબાજુ છે કારણકે ઋત પૂરા બ્રહ્માંડમાં અનિવાર્યપણે અને ન્યાયીકપણે કામ કરે છે. સત્ય એ છે કે વ્યકિતના કર્મમાં પણ ઋત છે, આ નિયમો શાશ્વત છે જે ઈનામ અને શિક્ષા માટે જવાબદાર છે.

<u>૩) ત્રણ ઋણ :</u> વૈદિક પરંપરા માને છે કે વ્યક્તિનો જન્મ ત્રણ ઋણ સાથે થાય છે જે વ્યક્તિએ પોતાની જ જીંદગી દરમ્યાન ચૂકવાનું હોય છે. સંસ્કૃતમાં ત્રણ ઋણને ઋણત્રયી કહેવાય છે. જે હિંદુના જીવનમાં કેન્દ્ર સ્થાને છે. જે જવાબદારી છે, નિભાવવાની છે અને તે ફરજીયાત છે.

અ) ઋષિ ઋણ : સંતો કે ઋષિ પ્રત્યેનું ઋણ. જે લોકોએ ઊંડા ધ્યાન અને મગ્ન અવસ્થામાં શાશ્વત સત્યના દૈવિક દ્રશ્ય જોયા છે તેવા ઋષિઓ પ્રત્યે વૈદિક પરંપરામાં અતૂટ શ્રધ્ધા છે. જો આ ઋષિ ના હોત તો હિંદુ ધર્મનો પાયો જ ન હોત એટલે હિંદુઓ ઋષિઓના ઋણી રહે છે કારણકે એ લોકોએ જે જોયું હતું તેનું વર્ણન વેદોમાં કરાયું છે અને તે પછીની પેઢીને પણ આપ્યું છે. ગૃહસ્થાશ્રમમાં ગૃહસ્થ ગુરુ દક્ષિણા આપીને આ ઋણ ચૂકવે છે. આ ઉપરાંત જ્ઞાનના વિનીમયમાં ફાળો આપીને આ ઋણ ચુકવી શકાય છે.

બ) દેવ ઋણ : વૈદિક દેવોનું ઋણ. વૈદિક પરંપરા માને છે કે આપણે દેવોના ઋણી છે જેઓએ આપણને એ બધી જ વસ્તુઓ આપી છે જેનાથી આપણું અસ્તિત્વ આ પૃથ્વી પર ટકી શકે. તેઓના આશીર્વાદથી

જ પ્રાચીનકાળમાં ઋષિઓને એ દૈવી જ્ઞાન પ્રાપ્ત થયું હતું જે ભવિષ્યની પેઢીને કામ આવ્યું છે. વૈદિક દેવો આ ભૌતિક વિશ્વમાં જીવન ટકાવી રાખે છે અને જે લોકો તેને માને છે તેમની બિમારી, તકલીફો વગેરે દૂર કરે છે. લક્ષ્મી, સરસ્વતિ, ગણેશ, મેઘરાજા, ચંદ્ર, સૂર્ય વગેરે પ્રત્યેનું ઋણ અદા કરવાની વાત વેદોમાં લખેલી છે જે માટે આ દેવોની પ્રાર્થના, પ્રશંસા અને યજ્ઞ કરવાનું સુચવ્યું છે.

**ક) પિતૃ ઋણ :** વડવાઓનું ઋણ. વૈદિક માન્યતા પ્રમાણે જયારે જીવ ગર્ભમાં આવે છે તે પહેલા તેણે તેમની પેઢીમાં જન્મ લેવા માટે એ કુટુંબના વડવાઓની પરવાનગી લેવી પડે છે અને પરવાનગી આપીને તેઓ આપણને ઉપકારીત કરે છે એટલે વર્તમાન જીવન માટે એ વડવાઓનું ઋણ છે. ગૃહસ્થ લગ્ન કરી અને નર બાળકને જન્મ આપી આ ઋણ ચૂકવે છે.

**૪) ૪ વર્ણ અથવા જાતિ :** સામાજીક પ્રવૃતિથી વૈદિક સમાજ ચાર વર્ગમાં વિભાજીત થાય છે પરંતુ યાદ રહે કે આ વર્ગ જન્મથી નથી હોતા અહીં વર્ગ એટલે જે વ્યવસાય(ધંધો) જે વ્યક્તિ જીવન નિર્વાહ માટે પસંદ કરે છે.

**અ) બ્રાહ્મણ :** જે પૂજા પાઠ કરાવે. જેઓ સમાજને પોતાની ફરજ અને સારા નરસાનું ભાન કરાવે અથવા શીખવવા , જ્ઞાન આપવા તૈયાર હોય તે.

**બ) ક્ષત્રિય :** જે લોકો વીર અને બહાદુર હોય અને સમાજની રક્ષા કરે.

**ક) વૈશ્ય :** ધંધો, વ્યવસાય, ખેતી વગેરે કરે, શારિરીક કરતા માનસિક કામ કરવાની ક્ષમતા વધારે હોય.

**ડ) શુદ્ર :** જે લોકો મજૂરી કરવામાં વધારે કુશળ હોય, શારિરીક કામ કરવાની ક્ષમતા વધારે હોય. દા.ત. નોકર, દાસ, દાસી વગેરે.

પહેલાંના વૈદિક કાળમાં જાતિ પ્રથા જન્મથી ન હતી પરંતુ પછી સમય જતાં એ જન્મથી થવા લાગી અને ખૂબજ કઠોર બની ગઈ. તેમાં ઊંચ-નીચ અને અસ્પૃશ્યતા જેવા દુષણો પણ આવી ગયા જે સમય જતાં ભારતીય સમાજનું કલંક બની ગયા.

**૫) ૪ આશ્રમ અને ગૃહસ્થાશ્રમનું મહત્વ:** વૈદિક કાળમાં જીવન ચાર આશ્રમમાં વિભાજીત હતું.

**અ) બ્રહ્મચર્યાશ્રમ :** જીવનનો પહેલો તબક્કો. જે આયુષ્યના ૨૫ વર્ષ સુધી હોય છે. આ તબક્કો જ્ઞાન મેળવવાનો છે જે તેને પછીના આશ્રમમાં અર્થ ઉપાર્જન ના કામમાં આવે છે. આ આશ્રમ દરમ્યાન બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવાનું હોય છે કારણકે શારિરીક સુસજ્જતા માટે એ અનિવાર્ય છે. જ્યાં સુધી વ્યક્તિ તંદુરસ્ત અને જ્ઞાની ન હોય ત્યાં સુધી તે ધન કમાઈ શકતો નથી. જીવનના પહેલા તબક્કામાં નૈસર્ગિક વાતાવરણમાં ગુરુકુળમાં (અથવા વિદ્યાપીઠમાં) જઈ જ્ઞાન મેળવવાનું હોય છે. જ્ઞાન ઉપાર્જન વગર બીજા તબક્કામાં (ગૃહસ્થાશ્રમમાં) પ્રવેશ મળતો નથી.

**બ) ગૃહસ્થાશ્રમ :** જીવનનો બીજો તબક્કો. ગૃહસ્થ બનવા માટે (લગ્ન કરવા માટે) આ મહત્વનો આશ્રમ છે. જયાં વ્યક્તિ સમાજના પહેલા પગથિયા પર પગ રાખે છે એટલે કુટુંબ, પત્ની અને

બાળકોની જવાબદારી ઉપાડે છે. પતિ તરીકે, પિતા તરીકે તેમણે પ્રેમાળ બનવાનું હોય છે જેનાથી પોતાની અને પરિવારની નવી ઈચ્છાઓ સંતોષી શકે. ગૃહસ્થ તરીકેનો બધોજ સમય આનંદ અને ઈચ્છાઓ પૂરી કરવામાં જાય છે (કામ-પુરુષાર્થ). જીવનનું અંતિમ લક્ષ્ય તો મુક્તિ છે જ અને એ જ પ્રમાણે ધન ન્યાયિક રસ્તાઓથી કમાયેલું હોવું જોઈએ અને ઈચ્છાપૂર્તિ પણ ધર્મની વ્યાખ્યાની અંદર જ હોવી જોઈએ. નૈતિક ફરજો તેને ત્રીજા આશ્રમ તરફનો માર્ગ ચીંધે છે. ગૃહસ્થ જીવન ૨૫ વર્ષ થી ૫૦ વર્ષની ઉંમરનું છે. વૈદિક પરંપરામાં આ મુખ્ય આશ્રમ છે જેમાં એ ત્રણે પ્રકારના ઋણો અદા કરી શકે છે. ગૃહસ્થ આશ્રમ વૈદિક પરંપરાનું કેન્દ્ર બિંદુ છે.

**ક) વાનપ્રસ્થાશ્રમ :** જીવનનો ત્રીજો તબક્કો જે ૫૦ વર્ષ થી શરૂ થઈ ૭૫ વર્ષ સુધી ચાલે છે. અહીં વ્યક્તિ પોતાની સામાજિક અને કૌટુંબીક જીંદગીથી સાવ જ અનાશક્ત નથી થઈ જતો પરંતુ ઘરની અને ધંધાની બધી જવાબદારી પોતાના સંતાનો પર ધીરે ધીરે નાખી દે છે. જ્ઞાનના પુસ્તકો વાંચવામાં સમય વ્યતિત કરે છે, ધ્યાન કરે છે, પત્ની પણ આ કાર્ય માં તેની સાથે જ હોય છે, ધર્મનું પૂર્ણપણે પાલન કરે છે, પરિવારને જરૂર પડે તો સલાહ-સૂચન આપે છે તેમજ ધર્મ પ્રમાણે દુન્યવી બાબતોમાં યોગ્ય સૂચન આપે છે.

**ડ) સન્યાસાશ્રમ :** જીવનનો ચોથો તબક્કો જયારે વ્યક્તિ ૭૫ વર્ષની થાય છે જીંદગીને પૂર્ણપણે માણી લીધી છે. જયારે બધાને જરૂર પડી ત્યારે સલાહ-સૂચન આપ્યા છે એટલે હવે તે આ બધાથી અનાશક્ત થઈ દુન્યવી જીવનથી વિરકત થઈ સત્ ની શોધમાં નીકળી પડે છે. બધું ત્યાગ કરવાનો આ સમય છે, સંન્યાસ લેવાનો સમય છે, વ્યકિત બધોજ સમય શાસ્ત્ર શીખવામાં લગાડે છે, અંતિમ સત્ય વિશે વાર્તાલાપ (ચર્ચા) કરે છે, પરમાત્મા સાથે એકત્વ સાધવા ધ્યાન કરે છે, મોક્ષ અથવા મુક્તિ મેળવવા જે પણ જરૂરી છે એ બધુ જ વ્યક્તિ અહીં કરે છે.

**<u>ઙ) ચાર પુરુષાર્થ :</u>** પુરુષ એટલે આત્મા અને અર્થ એટલે પ્રયત્નો.

**આત્માના ચાર કાર્યો અ) ધર્મ (ફરજ):** ધર્મ બુધ્ધિ વિકસીત કરે છે, પ્રેરણા આપે છે, સાથે સાથે સમાજના વ્યવસ્થાપક વર્ગને સમાજ ચલાવવા, નૈતિક મૂલ્યોની સાચવણ વગેરે માટે પ્રોત્સાહિત કરે છે, સાથે સાથે આધ્યાત્મિક વિકાસ પણ સાધે છે.

**બ) અર્થ (ધન- સાધન):** મનુષ્યના વિકાસ સાથે એની પ્રાથમિક જરૂરીયાતો જોડાયેલી છે. બધા વર્ગની સમાજમાં ધન કમાવવાની ફરજ છે, તેનાથી સમાજની આર્થિક સ્થિતિ મજબૂત થાય છે.

**ક) કામ (ઈચ્છાઓ) :** ઈચ્છા વગર મનુષ્યનું અસ્તિત્વ હોતું નથી. સ્વવિકાસ અને સમાજના વિકાસ માટે ઈચ્છાઓ હોવી પણ જરૂરી છે પણ ઈચ્છાઓમાં સ્વાર્થ કરતા પરમાર્થ વધારે હોવો જોઈએ.

**ડ) મોક્ષ (મુક્તિ) :** સર્વોત્તમ લક્ષ છે મુક્તિ, મનુષ્યમાં આત્મા અમર છે અને સર્વોચ્ચ ઈશ્વર પાસે તેને આવી પ્રેરણા મળી છે. મોક્ષના વિચાર વગરના જીવનમાં આધ્યાત્મિકતા અદ્રશ્ય થઈ જશે.

વૈદિક જીવનશૈલીએ ઉપનિષદ પ્રણાલીનો રસ્તો બતાવયો છે જે હમણાંનો હિંદુ ધર્મ છે.

હવે આપણે જૈન ધર્મ અને તેની ઓળખાણ કરીશું.

## પાઠ – ૮ વર્ધમાન મહાવીરના સમયમાં ભારતની સામાજિક અને આધ્યાત્મિક સ્થિતી

વર્ધમાન મહાવીર ૬ઠ્ઠી શતાબ્દી બીસી માં ક્ષત્રિય કુળમાં બિહારમાં જન્મયા હતા. રાજાઓની જીંદગી જીવવા છતા તેઓ પોતાની અને સામાજિક વ્યવસ્થાનું ચિંતન કરતા હતા. આ ચિંતનથી તેમણે એવો માર્ગ શોધ્યો કે જેનાથી એક સરળ જીંદગી જીવી શકે અને બીજા લોકોનું કલ્યાણ કરી શકાય. પોતાના રાજવી જીવનના બધા જ એશો–આરામ છોડીને તેમણે સર્વ ત્યાગ કરી એક અનેરું ઉદાહરણ સમાજ સમક્ષ રાખ્યું. એમણે જાતિ પ્રથાની જરા પણ પરવા ન કરતાં એ સમયમાં સમાજમાં જે ધર્મ વ્યવસ્થા હતી તેમાં સુધારા કર્યા. તેમણે સંસારના સુખોનો ત્યાગ કર્યો ઉપવાસ, યોગ, ધ્યાન વગેરે કર્યા.

**સામાન્ય લોકોની જીંદગી :** ઋગવેદના સમયમાં જે પ્રકારનું સરળ જીવન હતું તેવું સરળ જીવન આ સમયમાં નહતું. અનેક રાજયનો વિસ્તાર થયો પણ તેઓ અંદર અંદર લડતા ઝઘડતા હતા. વર્ણ પ્રથા કામના આધારે નહીં પણ જન્મના આધારે ગણાવા લાગી. શુદ્રો અસ્પૃશ્યો ગણાવા લાગ્યા. દરેક વર્ણના પણ અનેક ભેદ હતા. નારી સન્માન નીચલી કક્ષાએ હતું અને દહેજ પ્રથા પ્રચલીત થઈ રહી હતી.

સમાજમાં સંબંધો વર્ણપ્રથાને આધારે હતા. સહભોજન, લગ્ન અને સામાજિક વ્યવહાર વર્ણપ્રથાને આધારે થતો. વર્ણ પ્રથામાં ન કલ્પી શકાય તેવા ઊંચનીચના ભેદ હતા. નીચલા વર્ણને ત્યાંથી ઉપરનો વર્ણ પાણી કે ખોરાકનો સ્વીકાર નહોતો કરતો. સૌથી કલંકિત વાત અસ્પૃશયતા હતી. નીચલા વર્ગના વ્યક્તિઓને અપિવત્ર માનવામાં આવતા.

**વૈદિક ધાર્મિક વિધિ :** ધાર્મિક વિધિ ફક્ત જટીલ ન હતી પરંતુ તેને કરવા ઘણી પૂર્વ તૈયારી કરવી પડતી હતી. વિધિ પણ જટીલ હતી. એક કે બે પૂજારી વગર આ ક્રિયાકાંડ કરવા શકય ન હતા. બલિદાન અથવા યજ્ઞો જેવાકે સોમ યજ્ઞ, રાજસૂય યજ્ઞ, અશ્વમેઘ યજ્ઞ જે દિવસો અને મહિનાઓ સુધી ચાલતા હતા અને તેમાં ઘણા બધા પૂજારીઓની, પંડિતોની જરૂર પડતી હતી. જે લોકો આ વિધિઓનું શાસ્ત્ર મુજબ ધ્યાન રાખતા, ગૃહસ્થને પણ એના દરરોજના જીવનમાં અનેક વિધીની જરૂર પડતી હતી અને તેમાં પણ પંડિતની જરૂર પડતી હતી. સમાજમાં ક્રિયાકાંડ વિશેષ હતા.

**વૈદિક સમયમાં સ્ત્રીની સ્થિતી :** ઋગવેદના શરૂઆતના સમયમાં જે ઉચ્ચ દરજજો સ્ત્રીને મળતો હતો તે પછીના વૈદિક સમયમાં ન હતો. તેમના ઉપન્યાય અને ધાર્મિક ક્રિયા કરવાના હકો છિનવાઈ ગયા હતા. રાજકારણમાં ભાગ લઈ શકતી નહી. આપણે ગાર્ગી, મૈત્રેયી જેવા નામો સાંભળીએ છીએ જે સ્ત્રી વર્ગનું પ્રતિનિધીત્વ કરતી હતી પરંતુ તે પહેલાના સ્તરનું નહોતું રહ્યું. લગ્નના સંદર્ભમાં પણ સ્ત્રીઓ માટે અલગ નિયમો હતા, તે ગૃહસ્થ જીવનનો સમાન દરજજો ખોઈ ચૂકી હતી, બહુપત્નીત્વ સામાન્ય બની ગયું હતું. ઘણી જગ્યાએ સ્ત્રીઓનું સ્થાન પ્રતિબંધીત કે મર્યાદીત થઈ ગયું હતું. દહેજ પ્રથા પ્રચલિત થઈ ગઈ હતી. આ સમયમાં તેને નીચલી કક્ષાની માનવામાં આવતી હતી અથવા એક વસ્તુ કે ઈચ્છાપૂર્તિનું સાધન માનવામાં આવતી હતી, જીવનસંગીની નહી. તે રાજકીય અને આર્થિક મહત્વ

પણ ખોઈ ચૂકી હતી, પિતૃક સંપતિના હક પણ ખોઈ બેઠી હતી, શિક્ષણ અને બીજા હકોથી પણ વંચિત કરવામાં આવી હતી. બાળવિવાહનું ઘણું મહત્વ હતું. પતિના બધા આદેશોનું મૌન રહીને પાલન કરવાથી તેનું સન્માન ધીરે ધીરે ખતમ થવા લાગ્યું હતું.

**સામાજિક અને આધ્યાત્મિક અધોગતિ (પતન):** આના સિવાય પણ અંધશ્રધ્ધા, ઘણા બધા ભગવાનો તરફથી વરદાનની આશા, યજ્ઞમાં પ્રાણીઓની બલી, ધાર્મિક ક્રિયાઓમાં ભૌતિક સુખની ઈચ્છા(આત્માની પવિત્રતા નહી), ધર્મના નામે શોષણ, ગુલામી, હિંસા વગેરે બીજા ઘણા બધા દૂષણો પ્રચલિત હતા. ભગવાનના શ્રાપનો ડર પૂજારી દ્વારા જડબેસલાક બેસાડી દેવાતો. ભૌતિક સુખ મેળવવાની અપેક્ષા માટે સમાજ આ બધું ચલાવી લેતો.

ઉપર જણાવ્યા મુજબ સામાજિક અને આર્થિક પતનના આરે સમાજ આવી ગયો હતો. સમાજની અંદર અહિંસા અને સમાનતાના વિચારને ભગવાન મહાવીરે વહેતો કર્યો. આથી તિર્થંકર મહાવીરને આપણે સૌથી પ્રાચીન સમાજ સુધારક અને આધ્યાત્મિક સુધારક કહી શકીએ. આ સુધારાની વિગત પછીના ચેપ્ટરમાં શીખીશું.

## પાઠ – ૯ મહાવીર સ્વામી દ્વારા કરવામાં આવેલ સામાજિક સુધારા

તિર્થંકર મહાવીર માનતા હતા કે સમાજનો પાયો વ્યકિત છે અને તેનો વિકાસ થવો જોઈએ. તેમણે સમાજમાં સમાનતાના આધારે સુધારા કર્યા. મહાવીરના સમયમાં સમાજની હાલત એવી હતી કે બધા સુધારાઓ આવકારવા અનેક લોકો તૈયાર હતા. સમાજમાં બ્રાહ્મણોનું વર્ચસ્વ હતું અને તેઓ સમાજ પર આર્થિક અને રાજકિય વર્ચસ્વ પણ જમાવવા માંગતા હતા. આ વર્ચસ્વ તેઓ જ્ઞાન અને ક્રિયાકાંડના જોર પર કરવા માંગતા હતા. વર્ણ પ્રથા જન્મથી હતી માણસના વ્યવસાયના આધારે ન હતી. જ્ઞાન લેવાનો ઈજારો ઉચ્ચ વર્ગનો જ હતો બીજા કોઈનો નહીં. વર્ણ અને લીંગભેદ પ્રમુખ સ્થાને હતા. રાજાઓ નાના-નાના કારણોથી એકબીજા સાથે લડતા હતા, મુખ્યત્વે રાજય વધારવા માટે લડાઈઓ થતી હતી. મનુષ્યનું આ ભવનું સુખ કે આવતા ભવનું સુખ દેવોની મહેરબાની પર આધારીત હતું જેના માટે પશુબલિ સાથે નરબલિ પણ ચડાવવામાં આવતી. યજ્ઞ પણ એક ચોક્કસ પધ્ધતિથી કરવાના રહેતા જે ફકત બ્રાહ્મણો એજ કરાવવાના રહેતા. પૂજારીઓને આ ખાસ પ્રકારના યજ્ઞ કરાવવા જમીન, ગાય વગેરે ભેટ મળતી એટલે પૂજારીઓનો રસ આવા પ્રકારના હવન અને યજ્ઞ કરાવવામાં જ રહેતો. વિદ્ધાનોની ભાષા સંસ્કૃત હતી.

નીચેની પરિસ્થિતિઓમાં  તિર્થંકર મહાવીરના પ્રયત્નોથી સુધારા થયા.

**૧) વર્ણપ્રથા નિર્મૂલન :** તિર્થંકર મહાવીરે માનવ સમાનતાનો સિધ્ધાંત મૂકયો અને વર્ણપ્રથા જે અસમાનતા ભણી સમાજને દોરે છે તેનો વિરોધ કર્યો. તેમનો સંઘ બધા વર્ણના લોકો માટે ખુલ્લો હતો. બધા લોકોને સમાન ગણવામાં આવતા અને બધાને આગળ વધવાની સમાન તકો મળતી.

**૨) કોઈ લિંગ ભેદભાવ નહીં :** સ્ત્રીને પણ ઘણા સામાજિક પ્રસંગોમાં સમાન હકો આપ્યા. સ્ત્રીઓને પણ પુરુષો જેટલો જ શિક્ષણનો હક મળ્યો. જૈન પરંપરા પ્રમાણે સ્ત્રીઓને ૬૪ પ્રકારની ક્રિયા આવડવી જોઈએ જેમાં નૃત્ય, ચિત્રકળા, સંગીત, ધર્મ, દવા, ગૃહવિજ્ઞાન વગેરે આવતું. આ ઉચ્ચ શિક્ષણના ફળ સ્વરૂપે આપણે જોઈએ છીએ કે સ્ત્રી કોઈપણ વ્યવસાયમાં જવા સક્ષમ હતી અને આ જીવન કુંવારી રહી પોતાની આધ્યાત્મિક સાધના પણ કરી શકતી. તિર્થંકર મહાવીરની દીર્ઘદ્રષ્ટિથી તેઓએ સ્ત્રી અને પુરુષને એક સમાન ફલક પર મૂકયા.આધ્યાત્મિક વિકાસ પ્રમાણે સમાજને બે વર્ગમાં વિભાજીત કર્યા શ્રમણ અને શ્રાવક.

**૩) સ્થાનિક ભાષાનો ઉપયોગ :** પ્રાકૃત ભાષા સામાન્ય લોકોની ભાષા હતી જેના કારણે તે લોકો જોડે જોડાઈ શકયા હતા. તેઓએ પોતાનું જ્ઞાન ખૂબજ સાદી લોકભાષામાં સમજાવ્યું.

**૪) અહિંસા :** અહિંસામાં અતૂટ શ્રધ્ધા. બધાજ જીવોની જીંદગીનું એક સરખું મૂલ્ય છે ભલે પછી એ નાનામાં નાનો જીવ કેમ ન હોય. તેનું પણ જીવન મનુષ્ય જેટલું જ મૂલ્યવાન છે. જેમ માણસ ચાહે છે કે પોતાને કોઈ હાનિ ન પહોંચાડે કે ન મારે એમ એ દરેક જીવો પણ એ વિચારના હકદાર છે કે માણસ તેમને હાનિ ન પહોંચાડે કે ન મારે. તિર્થંકર મહાવીરના મતે અહિંસાનું પાલન મનુષ્ય તરીકેની સર્વોતમ ફરજ છે. મન, વચન અને કાયાની અહિંસા એટલે આપણી આસપાસના વાતાવરણ અને જીવો પ્રત્યે કરુણા દાખવવી.

**૫) અનેકાંત :** તિર્થંકર મહાવીરે ક્યારે પણ કોઈ ધર્મની ટીકા નહોતી કરી કે બીજા ધર્મોને ખોટા સાબિત કરવાનો પ્રયત્ન નહોતો કર્યો. તેમણે જગત સમક્ષ અનેકાંતવાદનો સિધ્ધાંત મૂક્યો. અનેકાંત એટલે એક જ વસ્તુના ઘણા બધા દ્રષ્ટિકોણો હોવા. એટલે તેઓએ હંમેશા સલાહ આપી કે આપણે કોઈપણ વસ્તુની બધી બાજુના અભિગમ તપાસવા જોઈએ પછી જ સત્ય વિશે બોલવું જોઈએ. એનાથી લોકોની દ્રષ્ટિ વિસ્તારીત થાય છે અને તેઓ બધા જ દ્રષ્ટિકોણથી વસ્તુ જોઈ શકે છે. અનેકાંતવાદ બીજા ધર્મોની લાગણીને ઠેસ નથી પહોંચાડતું કારણકે તે માને છે કે બીજા ધર્મો તેમના દ્રષ્ટિકોણથી સાચા છે. અનેકાંતવાદથી તેમણે સહિષ્ણુતા (tolerance)નો નિયમ આગળ કર્યો હતો અને કહ્યું હતું કે, આ નિયમ બધી જ જગ્યાએ લાગુ પડે છે જેમકે બૌધ્ધિક, સામાજિક, ધાર્મિક અને બીજા ક્ષેત્રમાં પણ. જીવનમાં સઘર્ષો ઓછામાં ઓછા થાય તે માટે આ જરૂરી છે. જૈન ધર્મમાં લાલચ કે બળથી કોઈ ધર્મ પરિવર્તન કરાવવાનો અવકાશ નથી.

**૬) અપરિગ્રહ :** તિર્થંકર મહાવીરે અપરિગ્રહની પણ હિમાયત કરી હતી. આ વિચાર વ્યક્તિની ઈચ્છા અને લોભ પર કાબુ કરવા માટે હતો. લોભ મનુષ્યની પડતીનું મુખ્ય કારણ છે, લોભને રોકવા અને એક અનુશાસનવાળું જીવન જીવવા અપરિગ્રહ અથવા તો ઈચ્છામર્યાદા અનિવાર્ય છે. લોભ ઉપરાંત તેમણે કુદરતી સાધનોના મર્યાદિત ઉપયોગ પર પણ ભાર મુકયો હતો જેટલું જોઈએ એટલું જ લેવું, લોભ ને છોડવો.

**૭) આદર્શ પરિવાર, સમાજ અને રાષ્ટ્ર ધર્મને લગતા માર્ગાનુસારીના ૩૫ નિયમો :** માર્ગાનુસારી એટલે એક સારા માનવ બનવું જે પરિવાર, સમાજ અને રાષ્ટ્રના કલ્યાણનો વિચાર કરે. આ નિયમોનું પાલન કરવાથી તમે પતનથી બચી જશો. સાચો અભિગમ કેળવશો. આપણા જીવનને સમજી સમાજમાં વિકાસ કારણ બની રાષ્ટ્રની પ્રગતિના સહભાગી બનીએ.

**૮) સંબંધોમાં સમાનતા :** જીવનના સંબંધોમાં હંમેશા રાગ અને દ્વેષ હોય છે. એના વચ્ચે સમતુલન જાળવવા, સમાનતાનો અભિગમ કેળવવા પોતાનું ઉદાહરણ આગળ કર્યું. કેટલાક સંબંધો આપણને જન્મથી મળે છે, કેટલાક આપણે જીવનમાં બનાવીએ છીએ આ સંબંધોમાં આછોમાં ઓછો રાગ અને દ્વેષ થાય તો જ તેનું સમતુલન અને સમાનતા જળવાય.

**૯) સામાજિક અંધશ્રધ્ધાથી મુક્તિ :** તિર્થંકર મહાવીરે ઘણી બધી ક્રિયા કે રિવાજને લલકાર્યા હતા. ઘણી બધી ખરાબ સામાજિક અને ધાર્મિક પ્રથા વિરુધ્ધ અવાજ ઉઠાવ્યો હતો. એ સમયમાં ધર્મ એટલે ઘણા બધા દેવોની પૂજા કરવી, અર્થહીન ક્રિયાઓ કરવી, પશુની બલી ચડાવવી વગેરે. તેમણે લોકોનું ધ્યાન પોતાની જીંદગી તરફ દોર્યું અને સમજાવ્યું કે આપણે પોતે જ આપણી જીંદગીના પ્રશ્નો ઉકેલી શકીએ છીએ તેના માટે હવન ક્રિયા કરવાની જરૂર નથી. જીંદગીની તકલીફો માટે જવાબદાર કોઈ બીજું નથી તેનો ઉકેલ પોતાના જ્ઞાન અને વર્તનથી જ મેળવવાનો છે.

**૧૦) સમાજના નીચલા વર્ગનું શોષણ બંધ કર્યું :** એમના ઉપદેશથી સામાજિક સમાનતાનો સિધ્ધાંત અસ્તિત્વમાં આવ્યો. એક વર્ગથી બીજા વર્ગમાં આવનજાવન વધવા લાગી. જન્મથી મનાતી વર્ણપ્રથા

ની પકડ ઓછી થઈ. તેનાથી એકાએક શુદ્રોની સ્થિતી બદલાઈ ગઈ કારણકે તેમને ભણવાનો હક મળ્યો અને અન્ય હકો પણ મળ્યા અને અમાનવીય વર્તનથી છૂટકારો મળ્યો. ધાર્મિક ક્ષેત્રોમાં તેઓને હક મળ્યા.તેઓની હરવાફરવાની જગ્યાના બંધનો છુટી ગયા તિર્થંકર મહાવીરના ઉપદેશની ઘણી અસર થઈ. તેમને હલકા કહેવાતા લોકોનો સામાજિક દરજ્જો વધાર્યો. બીજા લોકોનો તેમના તરફનો અભિગમ પણ બદલાયો અને ધીરે ધીરે ગુલામી પ્રથા નાબુદ થવા માંડી હતી.

હા, સાચેજ તિર્થંકર મહાવીર ભારતીય પરંપરાના સૌથી પ્રાચીન સમાજ સુધારક હતા. તેઓએ લોકોના આધ્યાત્મિક જીવનમાં કયા સુધારા કર્યાં એ પછીના પાઠમાં જોઈશું.